ગાંધીનગર સમાચાર

તા. ૧૨-૧-૨૦૧૨, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### સંપૂર્ણ ભારતીયતાનું મૂર્તિમંત સ્વરૂપ : યુગદૃષ્ટા સ્વામી વિવેકાનંદ

મડદાને પણ બેઠું કરી દેવાની અદ્‌ભૂત ચેતનાથી સભર વાગ્વૈભવ ધરાવતાં સદબહાર યુવાન સ્વામી વિવેકાનંદ કેવળ રામકૃષ્ણ પરંપરાના સાધુ નથી; એ તો બની રહ્યાં છે સંપૂર્ણ ભારતીયતાનું મૂર્તિમંત સ્વરૂપ. એ વિશ્વચેતનાના સંવાહક યુગપુરૂષ છે, જેમણે ફક્ત ૩૯ વર્ષ ૫ માસ જેટલી અલ્પાયુષી જિંદગીમાં રામ, કૃષ્ણ, બુધ્ધ, મહાવીર અને એમનાં પરમ ગુરૂવર્ય રામકૃષ્ણ પરમહંસની ચેનતા સાકાર કરીને વિશ્વચોકમાં ભારતની ઝંખવાયેલી છબીની પુનઃ પ્રતિષ્ઠા કરી. કહો કે હજારો વર્ષ પૂર્વે જગદ્‌ગુરૂ પદે રહેલા એ સમયના ગુલામ ભારતવર્ષને એમણે એની ખોવાયેલી ગરિમા પાછી અપાવી. એ ભારતના સર્વકાલીન ઍમ્બેસેડરની ભૂમિકા ભજવનારા અવધૂત હતા. સ્વામી વિવેકાનંદ આર્યસંસ્કૃતિની જયોતિપુંજ તરીકે પ્રગટ્યા, એમણે રામકૃષ્ણ પરમહંસ જેવા 'હરતાં ફરતાં ભગવાન' મારફત ઈશ્વરનો સાક્ષાત્કાર થયો અને એ ગુરૂનો આદેશ માથે ચડાવી ભારણ ભ્રમણ કરવા નીકળી પડ્યા. આદિ શંકરાચાર્ય પછી આ દેશને સાંપડેલી સૌથી ઊંચી આધ્યાત્મિક પ્રતિમા લેખે વિવેકાનંદે ધર્મનો એક લોકલક્ષી નવો સંદર્ભ પ્રગટાવ્યો. જે ધર્મ ભૂખ્યા માણસને રોટલો ન આપી શકે, વિધવાનાં આંસુ ન લૂછી શકે એવો ધર્મ એમને કબૂલ નહોતો. 'દરિદ્રનારાયણ'ની સંકલ્પના આપનાર વિવેકાનંદ ગાંધીજી અને ગુરૂદેવ ટાગોર સહિત એ સમયની અનેક વિભૂતિઓ માટે પ્રેરણાની ગંગોત્રી બની રહ્યાં હતા. શિકાગોની સર્વધર્મ સભામાં વિચિત્ર વેશધારી ભારતીય સાધુને જોઈને અમેરિકાના શ્રોતાવૃંદને પહેલાં તો હસવું આવેલું હતું. મંચ પર જઈ અસ્ખલિત અંગ્રેજીમાં પ્રવચન શરૂ કરતાંની સાથે આખો માહોલ બદલાઈ ગયો હતો. એક અકિંચન હિન્દુસ્તાની અવધૂતે ગણતરીની મિનિટોમાં દુનિયાનું દિલ જીતી લઈ ભારતીય સંસ્કૃતિનો વિજયધ્વજ લહેરાવી દીધો. સ્વામી વિવેકાનંદને મન 'ભારત' એ પરમ ચેતનાની દિવ્ય ભેટ સમી પવિત્ર ભૂમિ હતી. કન્યાકુમારીના સમુદ્રમાં આવેલા ખડક પર બેસી એમણે ભારતભૂમિનાં સર્વાશ્લેષી દર્શન કર્યાં હતા અને કાશ્મીરમાં રઝળપાટ કરી દેવતાત્મા હિમાલયને આત્મસાત કર્યો હતો. સ્વામી વિવેકાનંદની સાર્ધ શતાબ્દી નિમિત્તે કૃતજ્ઞ રાષ્ટ્ર એમને સર્વકાલીન મહાનાયક તરીકે વર્ષપર્યંત શ્રધ્ધાંજલિ આપવા કૃતસંકલ્પ છે. આવી વિભૂતિઓ ભૂમિનાં પુણ્ય પાંગરે ત્યારે જ દેહ ધારણ કરી દુનિયામાં આવતી હોય છે એમના મહાપ્રયાણ પછી પણ એમની દિવ્ય ચેનતા વર્ષો, દાયકાઓ અને સૈકાઓ સુધી સક્રિય રહેતી હોય છે. વિવેકાનંદના પ્રાગટ્યપૂર્વે એમની ભવ્ય અને દિવ્ય ભારતવર્ષની સંકલ્પનાને સાકાર કરવા આપણે બધા જ ભારતવાસીઓ પોતપોતાના ગજા પ્રમાણે એમના યોગ્ય વારસદાર બનવાનો શુભ સંકલ્પ કરીએ. ધર્મ વિશેના એમના ઉદાર અર્થઘટનને સમજી એનું આચરણ કરીએ અને સાચા 'હિંદુ' અર્થાત્ વિશ્વ નાગરિક બની રહીએ તે જ એમના પ્રત્યેની શ્રેષ્ઠ નિવાપાંજલી બની રહેશે, રોલ મૉડેલનો દુકાળ માટે વિવેકાનંદ એક ઝળહળતી દીવાદાંડી સમાન છે. એક વાર પુનઃ એમની હાકલ દોહરાવીએ : ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.

### પેથાપુરની મ.ભ. હાઈસ્કૂલમાં પ્રોજેક્ટ પ્રદર્શન યોજાયું

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે આવેલા શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઈ મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત બાલમંદિર, પ્રાથમિક, અપર પ્રાથમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળા તેમજ સેન્ટર ફોર કેમ્પૂયટર એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના ૧૦૦મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે પ્રોજેક્ટ પ્રદર્શન યોજાયું હતું. તથા શાળા રમતોત્સવ, ફનફેર, પપેટ શો અને બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાઈ હતી. શાળામાં યોજાયેલા પ્રોજેક્ટ પ્રદર્શન અંતર્ગત બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વાલીઓએ પ્રદર્શનનો લાભ લીધો હતો. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે આજના યુગમાં ગ્રામ્યજીવન અને શહેરી જીવન વચ્ચેના અભિગમને તેમજ વ્યસનમુક્તિના આ કાર્યક્રમને નિહાળી સૌએ બાળકો તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. સંચાલન શાળાના આચાર્યા ભાવનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સફળ રીતે યોજાયું હતું.

# ગુજરાત રાજય અંડર-૧૬ ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે ગાંધીનગરના માનવેન્દ્ર મહેતાની વરણી

### ચંદીગઢ ખાતે વીનુ માંકડ વિજય પદ્મ અંડર-૧૬ની રાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ આજે યોજાશે : ઝારખંડ સામે ગુજરાતની ટક્કર

ગાંધીનગર, તા.૧૧

નેશનલ સ્કુલ ગેમ ફેડરેશન, ભારત સરકાર આયોજીત વીનુ માંકડ વિજય પદ્મ અંડર-૧૬, ક્રિકેટ ટુર્નામેન્ટમાં સતત ચોથા વર્ષે ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ કરતાં સેંટ ઝેવિયર્સ સ્કુલના ધો-૧૦ના વિદ્યાર્થી માનવેન્દ્ર મહેતાની ગુજરાતની ટીમના કેપ્ટન તરીકે વરણી થવા પામી છે. જેમણે શાળા તથા ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.



તાજેતરમાં ચંદીગઢ ખાતે રમાઈ રહેલી રાષ્ટ્રીય વીનુ માંકડ વિજય પદ્મ અંડર-૧૬ ક્રિકેટ સ્પર્ધામાં આવતી કાલે ૧૨ જાન્યુઆરીએ એટલે કે રાષ્ટ્રીય યુવા દિને ગુજરાતની ટીમની ઝારખંડ સામે ટકકર થશે. ગુજરાતની ટીમનાં કેપ્ટન તરીકે ગાંધીનગરમાં રહેતા અને સેંટ ઝેવિર્સ સ્કૂલમાં ધો-૧૦માં અભ્યાસ કરતાં માનવેન્દ્ર સંજીવ મહેતાની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા વરણી કરવામાં આવી છે. અંડર-૧૬ની આ ટીમમાં કેપ્ટન પદે માનવેન્દ્ર મહેતા, વિકેટ કીપર તરીકે ઋષિ વ્યાસ, તથા નિરવ ચૌધરી, કેવન જીવરાજાણી, પરિતોષ રાજયગુરુ, કરણ રાવલ પાર્થ કટારીયા, ચિંતન પટેલ, અનિરૂધ્ધ જાડેજા, અંકિત પટેલ, સાયરન સપરકડ, વૈભવરાજ ઝાલા, પ્રભુ રબારી, દિલ ગોઠી, દિપરાજ ચુડાસમા, સચીન મેવાડા મળીને ૧૬ ખેલાડીની ટીમ જાહેર કરવામાં આવી છે. જેમાં કોચ તરીકે કૈવલ્ય ગોહિલ અને મહીપાલસિંહ જેઠવા ફરજ બજાવી રહ્યા છે.



### લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ધાબળા વિતરણ

જરૂરીયાતમંદ અને ગરીબ લોકો માટે સતત કાર્યરત અને સેવા આપતી લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરે તાજેતરમાં પ્રાંતિયા ગામની મંદબુદ્ધિ બાળકોની શાળામાં ૨૫ જેટલા ધાબળાનું વિતરણ કરી કડકડતી ઠંડીમાં ધ્રૂજતા બાળકોનાં આંતરિક આશીર્વાદ મેળવ્યા હતા.

## નારદીપુર મહિલા ગ્રામ વિદ્યાપીઠમાં યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામે આવેલી મહિલા ગ્રામ વિદ્યાપીઠ ખાતે તાજેતરમાં બી.આર.એસ. પ્રથમ વર્ષની છાત્રાઓ માટે આરોગ્ય અને યોગ શિબિર સપ્તાહ યોજવામાં આવ્યો હતો.

મહિલા ગ્રામ વિદ્યાપીઠના બી.આર.એસ. પ્રથમ વર્ષની છાત્રાઓ માટે તા. ૨ જાન્યુઆરીથી ૮મી જાન્યુઆરી દરમિયાન યોગ અને આરોગ્ય વિષયલક્ષી શૈક્ષણિક અને પ્રાયોગિક જ્ઞાન વિદ્યાર્થિનીઓને આપવામાં આવ્યું હતું. સાપ્તાહિક શિબિરમાં ગાંધીનગરના યોગ અને નેચરોપેથીના તજજ્ઞ વર્ષાબેન દવે દ્વારા યોગ અને આરોગ્યલક્ષી વિશિષ્ટ જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિવાશ્રમ દંતાલીના ડૉ. જીતુભાઈ પંચાલ, વૈદિક મહાસભાના પ્રચારક અવધેશ પાંડે અને મહેન્દ્રભાઈ ગાંધી તથા રાંધેજા નેચરોપેથી સેન્ટરના ડૉ. ધર્મેશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થિનીઓને જાણકારી આપવામાં આવી હતી. સંસ્થાના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. જી.જે. જાડેજા અને આ શિબિરના સંચાલક જશુમતીબેને શિબિરને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. છાત્રાઓએ સમગ્ર શિબિરમાં ખૂબ જ રસપૂર્વક ભાગ લીધો હતો.

### ગાંધીનગર વૈષ્ણવ સમાજનો વચનામૃત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર વૈષ્ણવ સમાજના ઉપક્રમે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે પુ.પા. ગોસ્વામી ૧૦૮ કમલેશકુમાર મહોદયાશ્રી મુંબઈના વચનામૃતનો કાર્યક્રમ તા. ૧૮મી જાન્યુઆરી-૨૦૧૩ થી તા. ૨૦મી જાન્યુઆરી-૨૦૧૩ દરમિયાન સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

### વિવેકાનંદ સંસ્કાર તપોવનમાં આજે વિવેકાનંદ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૧

વિવેકાનંદ સંસ્કાર તપોવન ગાંધીનગર ખાતે દર વર્ષની જેમ તા. ૧૨મી જાન્યુઆરીએ વિવેકાનંદ જન્મજયંતિ ઉજવણી કરવામાં આવશે. સંસ્થાના વિદ્યાર્થીઓ, વાલીઓ, રાષ્ટ્રપ્રેમી જનતા હાજર રહેશે, વાલી સંમેલન પણ યોજાનાર છે.

### આર.જી. કન્યા વિદ્યાલયની બાળાઓ સમર્પણ મૂકબધિર શાળાની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૧

શ્રીમતી આર.જી. પટેલ માધ્યમિક શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓએ સમર્પણ મૂકબધિર વિદ્યાલયની મુલાકાત લીધી.

સાંકેતિક રીતે તથા લખાણ દ્વારા વિદ્યાર્થીઓએ વાતચીત કરી, સંવેદનાના તાર જોડ્યા હતા. મુકબધિર વિદ્યાર્થીઓને વિદ્યાર્થીઓએ સ્વ.ફાળાથી ઉત્તરાયણ નિમિત્તે નાસ્તાનું વિતરણ કર્યું હતું. આર.જી. કન્યા વિદ્યાલય નૈતિક મૂલ્યોના ઘડતરમાં અગ્રેસર છે. આચાર્ય શ્રીમતી સુધાબેન પટેલે પ્રોત્સાહન આપ્યું હતું.




ડાર્લીંગ.. બર્થ ડેમાં ગીફટ. ગીફટ શું કરે છે. ચાલ તને ગીફટ સીટીમાં જ લઈ જઊ..

### એ.બી.વી.પી.નાં કાર્યકરો દ્વારા પાકિસ્તાન વિરોધી પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં એ.બી. વી. બી.ના કાર્યકરો દ્વારા ગ-૫ ખાતે પાકિસ્તાનની નીતિનો ખુલ્લો વિરોધ કરવામાં આવ્યો હતો અને ૭૦ જેટલા સભ્યોએ 'પાકિસ્તાન હાય...હાય... ભારત માતાકી જય' જેવા નારા સાથે પાકિસ્તાનના ૩૫ ફલેગ સળગાવ્યા હતા.

પાકિસ્તાનની પીઠ પાછળ વાર કરવાની નીતિનો વિરોધ દર્શાવવા એ.બી.વી.પી. ગાંધીનગર જિલ્લા પ્રમુખ પાર્થ ઠકકર, સક્રીય કાર્યકર વસીમ શેખ અને કડી કેમ્પસ પ્રમુખ ઉજજવલ પટેલ દ્વારા રાષ્ટ્રીય એ.બી.વી.પી.ના કાર્યકર રવિભાઈ દેસાઈની હાજરીમાં પાકિસ્તાન હાય... હાય... અને ભારત માતા કી જય જેવા નારા દ્વારા પાકિસ્તાનના ૩૫ ફલેગ સળગાવ્યા હતા. તેની સાથે સિદ્ધાર્થ લો કોલેજમાં એ.બી. વી.પી.ના કોલેજ પ્રમુખ અને કેમ્પસ પ્રમુખની વરણી રવિ દેસાઈ અને ગાંધીનગર જિલ્લા પ્રમુખ પાર્થ ઠકકર દ્વારા કરવામાં આવી હતી.

### વી કેર ફાઉન્ડેશનના ઉપક્રમે ધ્યાનયોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

વી કેર ફાઉન્ડેશનના પ્રમુખ જેઠાભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બાપુપુરા અને સોલૈયા ગામે તાજેતરમાં ધ્યાન, યોગ અને માઉન્ડ પાવર અંગેની શિબિર યોજાઈ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓ ખાસ જોડાયા હતા.

બાપુપુરા ગામની શ્રી પી.વી. વિદ્યાલય અને સોલૈયા ગામની બી.બી.સી. આદર્શ વિદ્યાલયમાં તાજેતરમાં વી કેર ફાઉન્ડેશન દ્વારા ધ્યાન, યોગ, પ્રાણાયામ, માઈન્ડ પાવર અંગેની નિઃશુલ્ક શિબિર યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ યાદ શક્તિ અને આત્મવિશ્વાસ વધારવાના વિવિધ પ્રયોગો નિહાળ્યા હતા તથા યોગ, ધ્યાન, પ્રાણાયામનું મહત્વ સમજી લાફીંગ દ્વારા જીવન સ્વસ્થ બનાવવાની કળા ખિલવી હતી. આ પ્રસંગે તજજ્ઞો દ્વારા માઈન્ડ પાવર દ્વારા કેવી રીતે યાદશક્તિ વધારી શકાય અને આત્મવિશ્વાસ કેળવી શકાય તેનું નિદર્શન જોયું હતું. સમગ્ર કાર્યક્રમમાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક ચિકિત્સા શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. પ્રજ્ઞેશ ત્રિવેદીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર શહેરના સજ્જનોને ડોક્ટરી તપાસનો નિઃશુલ્ક લાભ મળી શકે તે આશયથી તા. ૨૦મી જાન્યુઆરી-૨૦૧૩ને રવિવારના રોજ નિઃશુલ્ક ચિકિત્સા શિબિર યોજવામાં આવશે.

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સૌ પ્રથમવાર આયોજીત ફ્રી ચેકઅપ કેમ્પમાં નગરજનોને ફિઝીયોથેરાપી ડેન્ટલ, ડાયાબિટીસની તપાસ, બ્લડપ્રેશરની તપાસ અને બી. એમ. આઈ.ની મફત તપાસ કરી આપવામાં આવશે. આ નિઃશુલ્ક ચિકિત્સા કેમ્પ તા. ૨૦મી જાન્યુઆરીને રવિવારે સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા દરમિયાન યુનાઈટેડ ફિઝીયોથેરાપી સેન્ટર, પ્લોટ નં. ૭૮૭/૧, અરિહંતની બાજુમાં, સેક્ટર-૭-બી, ગાંધીનગર ખાતે યોજાશે. આ કેમ્પનો લાભ લેવા માંગતા સજ્જને નોંધણી માટે મો. નં. ૯૭૨૪૬ ૭૯૭૦૧ અથવા ૯૯૧૩૬ ૩૦૦૮૫નો સંપર્ક કરવો.

# કર્મચુડામણી માણેકલાલ પટેલ : વિદ્યાધામના શિલ્પી

કોઈપણ જરૂરિયાતવાળાં મધ્યમવર્ગની મધ્યવયની બહેન જોડે સહાનુભૂતિથી વાત પણ કરતા હોય, તો આર્થિક સંકડામણને કારણે ફી ન ભરી શકવાથી કોલેજ છોડવા માગતા વિદ્યાર્થીની અરજી વાંચી એની સાથે કડકાઈથી પ્રશ્નોત્તર કરી એની સાચી પરિસ્થિતિનો અંદાજ બાંધી એને ફી માફી આપવાની નોંધ અરજી પર લખી આપતા હોય. ઘણાં એમની પાસે જતાં ગભરામણ થાય અને જે પ્રશ્નો લઈને ગયા હોય હોઈએ, તે તેમના અવાજ સાંભળતાં જ ભૂલી જતા. પણ પછી જે તે અમારી મુશ્કેલીઓનું પણ તે તરત નિવારણ કરી આપતાં. અમેરિકાના પ્રમુખ ઓબામાએ પોતાના પ્રવચનમાં 'આપણે જ કરી શકીએ'(વી કેન) સૂત્ર આપ્યું, તે પહેલાં આ સૂત્રને સાર્થક કરનારા ગાંધીનગર સહિત ગુજરાતના લોકો માનથી 'સાહેબ'ના હુલામણા નામે ઓળખતા તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ માણેકલાલ પટેલ.

માણેકલાલનો જન્મ કડી પાસેનું ઊંટવા ગામ, જ્યાં તેમનો જન્મ તા.૧ ફેબ્રુઆરી, ૧૯૨૯ના રોજ થયો હતો. તેમના પિતા માધવલાલ પટે અને માતાનું નામ દિવાળી બા હતું. પ્રાથમિક છ ધોરણ સુધીનું શિક્ષણ ગામની શાળામાં મેળવી ને ૭મું ધોરણ અર્થાત્ વર્નાગક્યુલર ફાઈનલની પરીક્ષા કડી સરકારી શાળામાંથી સમગ્ર વડોદરા રાજ્યમાં બીજા નંબરે આવીને પાસ કરી હતી. તેઓ શિક્ષક બનવા માગતા હતા પરંતુ શારીરિક દુબર્ળતાના કારણે પ્રાથમિકના શિક્ષકોની પસંદગી સમિતિએ તેમને પસંદ કર્યા ન હતા. ત્યારબાદ તેમણે બી.એ. તથા એલ.એલ.બી.ની ડિગ્રીઓ ગુજરાત યુનિવર્સિટીમાંથી મેળવી હતી.

૧૯૫૮માં ચીફ ઓફિસર તરીકે નગરપાલિકમાં જોડાયા. ત્યારબાદ નગરપાલિકા પ્રમુખ, વિવિધ સમિતિઓના અધ્યક્ષ તરીકે પ્રાયઃ ૧૫ વર્ષ સુધી સેવાઓ આપી હતી. નગરપાલિકા સાથેનો તેમનો સમગ્ર કાર્યકાળ તેમના જીવન ઘડતરનો અને વ્યક્તિત્વ વિકાસનો નિર્ણાયકકાળ સાબિત થયો. કડીને પોતાનું વતન માનીને કડીના સર્વાંગી વિકાસ અર્થે કડીને પોતાની જાત સમર્પિત કરી દીધી. તેજસ્વી પ્રતિભાના કારણે મોટા ગજાના એડવોકેટ કે માત્ર ઉદ્યોગ- ધંધામાં વ્યસ્ત રહીને અબજોપતિ બની શકયા હોત, તેવી તેમની ક્ષમતાનાં આજે આપણ સૌ કોઈને દર્શન થાય છે. પરંતુ તેમ ન કરતાં પોતાની સૂઝબૂઝ અને કાબિલેદાદ વહીવટીય શક્તિને કડી વિકાસમાં જ ખર્ચી નાખીને કડી નગરપાલિકાને સંગીન વહીવટનો આદર્શ નમૂનો પૂરો પાડ્યો તેમજ તેને આર્થિક રીતે સધ્ધર પણ કરી હતી. કડીને સ્વચ્છ નગર બનાવવા તેમજ સામાજજીવનમાં સામાજિકત સરરસતા અને સદ્‌ભાવના જાળવવા હંમેશા કર્મશીલ નગરસેવક બની રહ્યા હતા.

અર્થશાસ્ત્ર અને કાનૂનના સ્નાતક હોવાથી પ્રાપ્ત જ્ઞાનને ખપમાં લાવી પ્રાયઃ ખેતીના વ્યવસાય ઉપર નભતા ગ્રામજનોને વ્યાજની ચુંગાલમાંથી બચાવવા કડીના અગ્રણીઓનો સાથ સહકાર મેળવીને 'કડી નાગરિક સહકારી બેંક'ની સ્થાપના કરી. બેંકના ચેરમેન તરીકે લાબાં સમય સુધી સેવા આપી હતી. તેઓએ આ સાથે નાના-મોટા ઉદ્યોગોની સ્થાપના કરવા વેપારીઓને તેમજ ખેડૂતોને લોન આપવાની સરળ સગવડ આપી. સાથે તેમાં ઉદ્‌ભવતા કાનૂની ગૂંચવાડા દૂર કરવા હંમેશા અગ્રેસર રહ્યા હતા. પરિણામ સ્વરૂપ 'કડી સોનાની દડી' કે એક ઉદ્યોગ નગરી તરીકે ઝડપભેર વિકસવા લાગી. આરોગ્યની સુખાકારી માટે 'ભાગ્યોદય હોસ્પિટલ'ની સ્થાપના કરી, જે આજે સતત કાર્યરત છે.

નગરપાલિકાના સી.ઓ. તરીકે સ્વેચ્છાએ રાજીનામું આપી છૂટા થઈ ઉદ્યોગ-ધંધામાં ઝંપલાવ્યું અને ભારે મોટી સફળતા મેળવતાં એક કર્મઠ ઉદ્યોગપતિ અને દાનવીર તરીકે ખ્યાતિપ્રાપ્ત થયા હતા.

### પ્રથમ પુણ્યતિથીએ પુણ્ય સ્મરણ



ઋણ અદા કરવાની ભાવના સાથે તેમણે પૂજય છગનભાના આદર્શ અને ધ્યેયોને તથા તેમના જીવનમંત્ર 'કર ભલા હોગા ભલા'ને સતત નજરસમક્ષ રાખીને તેને ચરિતાર્થ કરવાનો નિર્ધાર કર્યો.સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી હોવાના નાતે આપદ ધર્મ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી તરીકેની જવાબદારી તેમણે ૧૯૭૩થી ૨૦૦૦ સુધી અને વર્ષ ૨૦૦૦થી છેલ્લા શ્વાસ સુધી તેનું ચેરમેન પદ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું પ્રેસિડેન્ટ પદ તેના સ્થાપનાકાળથી તેમની અંતિમ યાત્રાસુધઈ ન કેવળ શોભાવ્યું પણ ઉજ્જવળ કર્યું. આમ પ્રાયઃ ૪૦ વર્ષ સુધી તેમના દૂરંદેશિતાપૂર્ણ નેતૃત્વનો લાભ સર્વ વિદ્યાલયને મળ્યો. આ સમયગાળો કેળવણી મંડળના વિકાસનો સુર્વણયુગ સાબિત થયો. સંસ્થાનો અભૂતપૂર્વ વિકાસ થયો અને તેની કીર્તિ દિકદિગંત પ્રસરી, કડી ગાાંધીનાગારના બાહુવિધાશાખાકીય શિક્ષણધામોમાં પરિવર્તિત કરી નાંખ્યાં.

આવા ગૌરવપુરુષ અને સંસ્કારમૂર્તિ સ્વ. માણેકલાલ સાહેબની માનવીય ગૌરવને ઉજ્જવળ કરે તેવી સેવા-પ્રવૃત્તિઓ અને ઉદાહરણ સ્વરૂપ, અનુકરણીય તેમજ પ્રેરણાદાયી કાર્યોના કારણે સમાજજીવનની વિવિધ સંસ્થાઓએ તેમને અનેવિધ પુરસ્કારો અને એવોર્ડ્સથી અલંકૃત કર્યા છે.

માણેકલાલના ૮૨મા જન્મદિન પ્રસંગે તા.૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા તેમનો ભારે દબદબાપૂર્વક જાહેર અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી મોહનભાઈ પટેલ વગેરે દ્વારા સંપાદિત ગ્રંથ 'કર્મચૂડામણિ માણેકલાલ' અર્પણ કરવામાં આવ્યો હતો. આ સન્માનનો ભાવવિભોર સ્વરે પ્રતિભાવ આપતા તેમના શબ્દો જાહેર સંસ્થાના વહીવટકર્તાઓ માટે દૃષ્ટવ્ય બની રહે છેઃ 'આ મારું સન્માન નથી પણ મારી સંસ્થાનું સન્માન છે. વ્યક્તિ મહાન નથી, પરંતુ સંસ્થા મહાન છે...આ સંસ્થાના મૂળિયાં મજબૂત છે, તે પાતાળમાં ગયાં હોવાથી તેને પાણી પાવાની જરૂર નથી. આવી સંસ્થાને પોષવી જોઈએ... મારી રગેરગમાં સર્વ વિદ્યાલય છે.'

આવા સંનિષ્ઠ 'કર્મચૂડામણિ'ની આકસ્મિક ચિર વિદાય હૃગયરોગના હુમલાના કારણે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિના દિને તા.૧૨ જાન્યુઆરી, ૨૦૧૨ની રાત્રે ૧૧.૩૦ કલાક આસપાસ થઈ. કુટુંબીજનો અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પરિવારે વજઘાત અનુભવ્યો.

સ્વ.શ્રી માણેકલાલ સાહેબે કડી સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરમાં વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસઅર્થે આવનાર વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈને મેનેજમેન્ટ કવોટાનો બહિષ્કાર કરીને સેન્ટ્રલ મેરીટ કમિટી દ્વારા પ્રવેશ આપવાનો નિર્ધાર કર્યો હતો. સાથે આર્થિક રીતે સંપન્ન ન હોય તેવા વિદ્યાર્થીઓને ફી માફીથી લઈને હોસ્ટેલ ફી પણ માફ કરવામાં આવે છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ કડી તથા ગાંધીનગર દ્વારા સંચાલિત વિવિધ વિદ્યાશાખાઓમાંથી મેરીટના આધારે ઉચ્ચ કારકિર્દી ઘડનાર વિદ્યાર્થીઓને સ્વ.શ્રી માણેકલાલ પટેલની સ્મૃતિમાં 'માણેકલાલ પટેલ મેમોરીયલ મેરીટ સ્કોલરશીપ' આપવાનો નિર્ધાર કર્યો છે. તેમની પ્રથમ પુણ્યતિથિના ના દિવસે ૪૪૦ વિદ્યાર્થીઓને આ સ્કોલરશીપ એનાયત થઈ રહી છે. તથા શાળાના તથા કોલેજના શિક્ષકો, પ્રાધ્યાપકો દ્વારા સ્વ.'શ્રી માણેકલાલ પટેલ વ્યાખ્યાનમાળા' નું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી માણેકલાલ પટેલ એક સફળ ઉદ્યોગપતિ હતા, પણ એમણે શિક્ષણક્ષેત્રમાં જે પહેલ કરી, જે નેતૃત્વ પૂરું પાડ્યું અને જે ઉત્તમ સંસ્થાઓ ગુજરાતને આપી, તે બેનમૂન છે.